# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર

<u>અખબારી યાદી</u> <u>તા. ૧૬.૧૨.૨૦૧૧</u>

- **મહારાષ્ટ્રના મુખ્યમંત્રીશ્રીએ કપાસ ઉગાડતા ખેડૂતો માટે ૨૦૦૦ કરોડ રૂપિયાની પેકેજની જાહેરાત કરી.**
- **ગુજરાતના મુખ્યમંત્રીશ્રી મહારાષ્ટ્રના મુખ્યમંત્રીશ્રીની જેમ જ કપાસ, બટેટા અને અનાજ ઉગાડતાં ખેડૂતો માટે પેકેજ જાહેર કરે.**
- **ગુજરાત કોંગ્રેસ કિસાન સેલ ગુજરાતના તમામ તાલુકા મથકો પર ગુજરાતના મુખ્યમંત્રીશ્રી પેકેજ જાહેર કરે તે માટે રેલીઓ કાઢશે.**
- **મહારાષ્ટ્રના મુખ્યમંત્રીશ્રીએ કપાસના ખેડૂતોને હેક્ટર દિઠ રૂપિયા ૩૦૦૦/ની સહાયની જાહેરાત કરી છે તો ગુજરાતના મુખ્યમંત્રીશ્રી શું કરશે?**
- **ભૂતકાળમાં કોંગ્રેસની સરકારોએ માર્કેટ ઇન્ટરવેન્શન કરીને ખેડૂતોને પોષણક્ષમ ભાવો આપેલાં.**
- **ખેડૂતો પાસેથી ખાતર, ખેતીમાં વપરાતી દવાઓ તેમજ ડિઝલ પરના ભારેખમ વેટ લેનારી ગુજરાતની સરકાર ખેડૂતોને પોષણક્ષમ ભાવો આપે.**
- **કેન્દ્ર સરકારે ૧૦૦ ટકા નીકાસની છૂટ આપી હોવા છતાં કપાસના ભાવો પોષણક્ષમ મળતાં નથી ત્યારે રાજ્ય સરકારની પોષણક્ષમ ભાવો આપવાની જવાબદારી છે.**

મહારાષ્ટ્રની કોંગ્રેસની સરકારે કપાસ ઉગાડતા ખેડૂતો માટે ખાસ રાહત પેકેજ જાહેર કરીને રૂ.૨૦૦૦ કરોડ રૂપિયાની આર્થિક સહાયની જાહેરાત કરી છે. સમગ્ર દેશમાં ગુજરાત અને મહારાષ્ટ્ર એ બે રાજ્યો કપાસ ઉગાડવામાં અગ્રેસર છે. ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે માંગણી કરી છે કે, મહારાષ્ટ્રના મુખ્યમંત્રીશ્રીએ જે રીતે ખેડૂતોના લાભ માટે પેકેજ જાહેર કર્યુ છે તેજ રીતે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ પણ ગુજરાતના કપાસ,બટેટા અને અનાજનાં ખેડૂતો માટે ખાસ પેકેજ તાત્કાલિક જાહેર કરવું જોઇએ.

મહારાષ્ટ્રના મુખ્યમંત્રીશ્રીએ રૂ.૨૦૦૦ કરોડ રૂપિયાનાં પેકેજની વિધાનસભામા જાહેરાત કરી છે અને કપાસના ખેડૂતોને અંદાજીત હેક્ટર દિઠ રૂ.૩૦૦૦/ની રાહત આપવાની તેમજ કપાસના પોષણક્ષમ ભાવો માટે વિવિધ પગલાંની જાહેરાત કરી છે. કપાસ ઉપરાંત સોયાબીન અને અનાજનું ઉત્પાદન કરતાં ખેડૂતો માટે પણ રાહતની જાહેરાત મહારાષ્ટ્રની સરકારે કરી છે. ગુજરાતમાં કપાસ, બટેટા અને અનાજ ઉગાડતાં ખેડૂતોને આ વર્ષે અનેક મુશ્કેલીનો સામનો કરવો પડયો છે. વરસાદ અને હવામાનની પ્રતિકૂળતા તથા ઉત્પાદન ખર્ચમાં અનેકગણો વધારો થયાં પછી વેચાણ કિંમત પૂરતી મળતી નથી. કેન્દ્ર સરકારે કપાસની નિકાસ માટે સંપૂર્ણ છૂટ આપી હોવા છતાં કપાસના ભાવો ઉચકાતા નથી. મહારાષ્ટ્રની કોંગ્રેસની સરકારે ખેડૂતોની ચિંતા કરીને ૨૦૦૦ કરોડ રૂપિયા ખેડૂતો માટેના પેકેજની જાહેરાત કરતાં જ મહારાષ્ટ્રના ખેડૂતોને રાહત પ્રાપ્ત થઇ છે. તેજ રીતે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના ખેડૂતો માટે ખાસ પેકેજ જાહેર કરવું જોઇએ અને કપાસ, બટેટા અને અનાજનું ઉત્પાદન કરતાં ખેડૂતોને મદદરૂપ થવું જોઇએ.

ગુજરાતના ખેડૂતો પાસેથી ગુજરાત સરકાર ખાતરઅને ખેડૂતો ઉપયોગમાં લેતાં હોય તેવી દવાઓ ઉપર પણ વેટ લઇ રહી છે. ગુજરાતમાં અન્ય રાજ્યો કરતાં ડિઝલ ઉપર વેટનું ભારણ સૌથી વધારે હોવાથી પણ ખેડૂતોને આર્થિક માર પડી રહ્યો છે. ગુજરાતની સરકાર વીજળી બહાર વેચે છે.પરંતુ ખેડૂતોને પૂરતી વીજળી આપવામાં આવતી નથી. ચાર લાખ ખેડૂતો ગુજરાતમાં ભાજપની સરકાર આવી ત્યારથી વીજ જોડાણની રાહ જોઇને બેઠા છે. બટેટા પકવતાં ખેડૂતોની પણ પારાવાર મુશ્કેલીઓ ઉભી થઇ છે ત્યારે તાત્કાલિક ગુજરાત સરકાર કપાસ, બટેટા અને અનાજનાં ઉત્પાદન કરતાં ખેડૂતો માટે પેકેજ જાહેર કરે.

ગુજરાત કોંગ્રેસનું કિસાન સેલ ખેડૂતોના આ પ્રશ્નો માટે તા.૨૬.૧૨.૨૦૧૧ને સોમવારના રોજ ગુજરાતના તમામ તાલુકા મથકો પર ખેડૂતોની રેલી કાઢીને જે તે તાલુકાના મામલતદારશ્રીને આવેદનપત્ર આપશે. ખેડૂતોના પ્રશ્નો માટે સમગ્ર ઉદાસીન રહીને માત્ર મુઠ્ઠીભર ઉદ્યોગપતિઓ માટે વાયબ્રન્ટ બનનારા મુખ્યમંત્રીશ્રી સામે ગુજરાત કિસાન સેલના પ્રુમખશ્રી દશરથભાઇ પટેલે આક્રોશ વ્યક્ત કર્યો હતો.

મહારાષ્ટ્રના મુખ્યમંત્રીશ્રીએ ખેડૂતોના લાભ માટે ચાલુ વર્ષે પાંચ પ્રકારના પાકો માટે ખાસ પાક વીમા યોજનાની શરુઆત કરી છે. મહારાષ્ટ્રના ખેડૂતોને કપાસના પૂરતાં ભાવો મળે તે માટે કાપડ ઉદ્યોગના વિકાસ માટેની અને રાજ્યમાં જ કપાસના પૂરતાં ભાવો મળી રહે તે માટેની વ્યવસ્થાની પણ જાહેરાત કરી છે.મહારાષ્ટ્રના મુખ્યમંત્રીશ્રીએ ખેડૂતોને ખેત ઉત્પાદનના પૂરા ભાવો મળે તે માટે સમિતિની પુનઃરચના કરવાની પણ જાહેરાત કરી છે. કપાસ આધારિત ઉદ્યોગોને ખાસ પ્રોત્સાહન આપીને રાજ્યમાં આમંત્રિત કરવા પણ મહારાષ્ટ્રના મુખ્યમંત્રીશ્રીએ પ્રયત્નોની જાહેરાત કરી છે ત્યારે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી સરકારની તિજોરીના કરોડો રૂપિયાના વ્યર્થ ખર્ચ કરીને પોતાના રાજકીય નાટકોમાં સદ્દભાવનાના નામે વ્યસ્ત છે. જો મુખ્યમંત્રીશ્રીના દિલમાં સદ્દભાવના હોય તો તે ખેડૂતો માટે કોંગ્રેસની મહારાષ્ટ્રની સરકારે જે પેકેજની જાહેરાત કરી છે તેવા પેકેજની જાહેરાત કરે.

ભૂતકાળમાં કોંગ્રેસની સરકારોએ ગુજરાતના મગફળી ઉત્પાદન કરતાં ખેડૂતો માટે કરોડો રૂપિયાના ખર્ચે મગફળીની ખરીદી કરીને બફર્સ સ્ટોક ઉભો કર્યો હતો. ગ્રોફેડ જેવી સંસ્થાઓ ખેડૂતોના લાભે મગફળીની ખરીદી કરતી હતી. માર્કેટ ઇન્ટરવેન્શન માટે પણ ભૂતકાળની કોંગ્રેસની તેમજ કોંગ્રેસના ટેકાવાળી શ્રી શંકરસિંહ વાઘેલાની સરકારે ખાસ જોગવાઇ કરીને ખેડૂતોને પોષણક્ષમ ભાવો પૂરા પાડેલાં હતાં.ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ખેડૂતોના આ પ્રશ્નો માટે જાગૃત બને અને તાત્કાલિક પેકેજ જાહેર કરે.

---

પ્રતિ,

તંત્રીશ્રી,

સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિધ્ધ કરવા માન. વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

**(જે. જે. રસાણીઆ)**
અંગત મદદનીશ